ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૨/૨૦–૨૧/ 4194 તારીખ : - 7 DEC 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ, કેસ નં.૪૨/૨૦–૨૧

**શ્રી હાલાણી તુષારકુમાર એમ,**
૪૦–બી, લબ્ધીનગર સોસાયટી,
પાણીની ટાંકી પાસે,
રતનપર,
**સુરેન્દ્રનગર.**
**મો.નં.૬૩૫૩૨ ૦૨૨૪૭**

**વિષય : એલ.ઈ.ડી.બલ્બ ના ઉધારેલ નાણાં પરત કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૮/૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૨/૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૦–૨૧/૩૩૧૪ તા.૨૩/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૦–૨૧/૩૯૨૯ તા.૧૧/૧૧/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૧૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જોરાવરનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૪૨/૨૦–૨૧</u>** ☜

વાદી :– **શ્રી તુષારકુમાર એમ.હાલાણી**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૨૪/૧૧/૨૦૨૦</u>** ◈

હાજર રહયા :– **શ્રી તુષારકુમાર એમ.હાલાણી – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી તુષારકુમાર એમ.હાલાણી, મુ.સુરેન્દ્રનગર ની એલ.ઈ.ડી.બલ્બ ના ઉધારેલ નાણાં પરત કરવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૨/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૨૦–૨૧/૩૩૧૪ તા.૨૩/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૪/૧૧/૨૦૨૦</u>** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી તુષારકુમાર એમ.હાલાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી હાલાણી તુષારકુમાર એમ, જોરાવરનગર પેટા વિભાગીય કચેરી ના ગ્રાહક છે. તેઓ ગ્રાહક નંબર–૨૪૬૦૧/૦૭૪૯૦/૮ થી ૧.૫ કિ.વો. નું ઘર વપરાશ નું વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદી ની રજૂઆત છે કે, તેઓ દ્વારા ફકત ૩(ત્રણ) એલ.ઈ.ડી.બલ્બ રોકડેથી લેવામાં આવેલ છે. તેમ છતાં, વિજ બિલ માં બલ્બ ના નાણાં ઉધારીને બિલ આપવામાં આવે છે. જે માટે તા.૩/૪/૨૦૧૯, તા.૧૭/૯/૨૦૨૦ અને તા.૧૮/૯/૨૦૨૦ ના રોજ અરજી આપવા છતાં, નાણાં પરત મળેલ નથી.

૧.૩ એલ.ઈ.ડી.બલ્બ ના નાણાં ઉધારથી લેવામાં આવેલ હોય, તેવો કોઈ પુરાવા મને આપેલ નથી. આમ છતાં, કુલ રૂા. ૧૦૫૦/– (૬૭૫+૧૫૦+૭૫+૧૫૦) વિજ બિલ માં ઉધારેલ છે. જે પરત આપવા અરજી કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી દ્વારા જે બલ્બ ખરીદવામાં આવેલ છે તેના બિલમાં ઈ.એમ.આઈ. ના ખાનામાં રકમ રૂા.૭૫૦/– દર્શાવેલ છે. જે પરથી એલ.ઈ.ડી.બલ્બ હપ્તાથી ખરીદેલ હોવાનું જણાય છે.

૨.૨ ESSL કંપની દ્વારા પત્ર નં–પીજીવીસીએલ/રેવ./જો.નગર/બિલ/૪૫૫૦ તા.૧૪/૯/૨૦૨૦ ના આધારે સાથે જોડેલ બિલની ખરાઈ કરવા માટે જણાવેલ હતું. જે બિલમાં સ્પષ્ટ જોવા મળે છે કે, વાદી દ્વારા બલ્બ હપ્તાથી ખરીદવામાં આવેલ છે.

૨.૩ સદર વાદીનું લેઝર જોતાં,તેમાં પણ ઓગષ્ટ–સપ્ટેમ્બર–૧૯ થી સળંગ ત્રણ વખત લેઝરમાં રૂા.૧૫૦/–ઉધારેલ જોવા મળે છે. ફેબ્રુઆરી–માર્ચ–૨૦૧૯ ના બિલમાં જે રૂા.૭૫/– ઉધારેલ છે તે સમયના એસેસમેન્ટ પહેલા ઉજાલાની જમા આપવાની લીંકમાં એન્ટ્રી આપવામાં આવેલ હોવાથી, લેઝર માં રૂા.૭૫/– જોવા મળતા નંથી. તેમજ તા.૩૦/૧૧/૨૦૧૮ ના રોજ આપેલ બિલમાં રૂા.૬૭૫/– ઉધારેલ છે પણ લેઝર જોતાં, તે માસમાં ફકત રૂા.૧૫૦/– જ ઉધારેલ જોવા મળે છે.

૨.૪ આમ, વાદી ના લેઝરમાં કુલ રૂા.૧૫૦×૩ = રૂા.૪૫૦/– જ ઉધારવામાં આવેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી હાલાણી તુષારકુમાર એમ. સુરેન્દ્રનગર માં રતનપર વિસ્તારમાં ઘર વપરાશનું વિજ જોડાણ ગ્રાહક નં–૨૪૬૦૧/૦૭૪૯૦/૮ થી ધરાવે છે.

૩.૨ વાદીએ તા.૧૪/૬/૨૦૧૬ ના રોજ EESL પાસેથી ૩ નંગ એલ.ઈ.ડી.બલ્બ ખરીદેલ. જેના રૂા.૨૪૦/– વાદીએ રોકડ રકમથી ખરીદેલ. જે માટેની વાદીએ EESL ની રોકડ રકમની પહોંચ નં–૮૩૫૦ તા.૧૪/૬/૨૦૧૬ ની રજૂ કરેલ છે. જેમાં, EESL ના અધિકૃત વ્યકિત તેમજ વાદીની સહી છે.

૩.૩ પ્રતિવાદી એ વાદીના વિજ બિલમાં એલ.ઈ.ડી.બલ્બ ના ઓકટો–૧૮, ડિસે–૧૮ અને ફેબ્રુ–૧૯ માં રૂા.૧૫૦/– + રૂા.૧૫૦/– + રૂા.૧૫૦/– એમ કુલ રૂા.૪૫૦/– ઉધારેલ છે.

૩.૪ વાદીની રજૂઆત મુજબ વાદીએ LED બલ્બ રોકડ રકમ ચૂકવી અને ખરીદેલ છે. જે અંગે વાદીએ ઓરીજનલ રીસીપ્ટ ફોરમને બતાવેલ છે.

૩.૫ પ્રતિવાદી દ્વારા વાદીએ LED બલ્બ EMI પર લીધેલ હોય, તેવા કોઈ પુરાવાઓ રજૂ કરેલ નંથી. તેમજ વાદીએ રોકડ રકમથી LED બલ્બ લાવ્યા અંગેની અસલ પહોંચ રજૂ કરેલ છે. આથી, પ્રતિવાદીએ વાદીના ખાતામાં ઉધારેલ રૂા.૪૫૦/– જેમા આપવા જોઈએ.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણોં પરથી હુકમ કરવામાં આવે છે કે," પ્રતિવાદીએ વાદીના ખાતામાં રૂા.૪૫૦/– જમા આપવા."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેંકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૪/૧૧/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar